નં.તાલીમ-૧/પીટીસીપ્રવેશ/૧૦/ ૭૬૪૪-૭૭૨૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા.૨૩/૦૭/૨૦૧૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / અનુદાનિત અધ્યાપન મંદિર, તમામ

**વિષય :-** રાજ્યની સરકારી તથા બીન સરકારી ગ્રાન્ટેબલ પી.ટી.સી. કોલેજોમાં ફી નુ ધોરણ અંગે.
**વંચાણમાં લીધો:** શિક્ષણ વિભાગનો તા.૨૧-૧-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક: ટીસીએમ -૪૦૧-૨૬૫૫-ન, સચિવાલય, ગાંધીનગર તા. ૧૯-૫-૨૦૦૩

રાજ્યમાં આવેલ સરકારી / અનુદાનિત અધ્યાપન મંદિરોમાં તાલીમાર્થીઓ પાસેથી અધ્યાપન સામગ્રી પ્રવાસ યુનિફોમ વગેરે માટે જુદી જુદી ફી પ્રવેશ સમયે જ લેવામાં આવે છે. તેમજ નિયત કરેલ કોલેજ અને હોસ્ટેલ ફી વધુ લેવાની તથા તાલીમાર્થીઓ હોસ્ટેલમાં રહેતા ના હોવા છતાં હોસ્ટેલ ફી વસુલવાની ફરિયાદ મળેલ છે.

સરકારશ્રી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીસીએમ-૧૪૯૯-૧૧૩૫-ન તા. ૩-૮-૯૯ થી કોલેજ ફી નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

| ક્રમ | ફી નો પ્રકાર | પુરુષ માટે | બહેનો માટે |
|---|---|---|---|
| ૧ | પ્રવેશ ફી | રૂા. ૩૦.૦૦ | રૂા. ૩૦.૦૦ |
| ૨ | સત્ર ફી | રૂા. ૨૦.૦૦ | રૂા. ૨૦.૦૦ |
| ૩ | શિક્ષણ ફી | રૂા. ૨૦૦.૦૦ સત્રદીઠ | - |
| ૪ | ગ્રંથાલય | રૂા. ૨૦.૦૦ | રૂા. ૨૦.૦૦ |
| ૫ | પ્રાયોગિક ઈતર પ્રવૃતિ ફી | રૂા. ૨૦.૦૦ | રૂા. ૨૦.૦૦ |
| | **કુલ** | **રૂા. ૨૯૦.૦૦** | **રૂા. ૯૦.૦૦** |

સરકારી તથા બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) સંસ્થાઓમાં સરકારશ્રી શિક્ષણ વિભાગના તા.૧૯-૫-૦૩ ના ઠરાવમાં કરેલ જોગવાઈ મુજબ <u>હોસ્ટેલ ફી નીચે</u> મુજબ નકકી કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | પ્રથમ સત્ર | બીજુ સત્ર | કુલ રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | **ભોજન ખર્ચ**<br>(અનાજ,બળતણ,નાસ્તો,ચા, કોફી,રસોઈયા ખર્ચ મજુર ખર્ચ વગેરે રસોડાના તમામ ખર્ચના વધુમાં વધુ માસિક રૂા. ૭૦૦ લેખે જેટલો સમય વિદ્યાર્થી ભોજન મેળવે તેટલા સમય પુરતુ ) | ૩૫૦૦ | ૩૫૦૦ | ૭૦૦૦ |
| ૨ | **લાઈટબીલ**<br>(વધુમાં વધુ માસિક રૂા.૧૦૦ લેખે) | ૫૦૦ | ૫૦૦ | ૧૦૦૦ |
| ૩ | રૂમનુ ભાડુ, મેન્ટેનન્સ, ફર્નિચર , ગાદલા, ટેક્ષ તથા અન્ય ખર્ચ, | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૪ | અધ્યાપન સામગ્રી, | ૫૦૦ | - | ૫૦૦ |
| ૫ | રીફંડેબલ ડિપોઝીટ | ૧૦૦૦ | - | ૧૦૦૦ |
| | **કુલ રકમ રૂપિયા .** | **૬૫૦૦** | **૫૦૦૦** | **૧૧૫૦૦** |

**(નોંધ ) બીજા વર્ષ રીફંડેબલ ડિપોઝીટ તરીકે રૂા.૧૦૦૦ લેવાના થશે નહિ )**

ઉપરોક્ત દર્શાવેલ કોલેજ ફી તથા હોસ્ટેલ ફી સિવાય નીચે દર્શાવેલ ફી તથા ખર્ચા તાલીમાર્થીઓ પાસેથી વસુલ કરી શકશે.

(અ) રાજ્ય પરીક્ષા બોર્ડમાં ભરવાપાત્ર ફી જેવી કે રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી, વગેરે.

(બ) શૈક્ષણિક પ્રવાસ ખર્ચ કોલેજ દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવે ત્યારે જ થનાર ખર્ચ ની રકમ લઈ શકાશે. હાજર થતી વખતે લેવાના રહેશે નહી.

(ક) કોલેજ નક્કી કરે તે યુનિફોર્મ તાલીમાર્થીએ સ્વયં લાવવાનો રહેશે. સંસ્થાએ આ વ્યવસ્થા કરવાની રહેતી નથી.

પી.ટી.સી. સંસ્થાઓ ઉપરોક્ત દર્શાવેલ ફી તથા અન્ય ખર્ચ સિવાયની કોઈ પણ પ્રકારની ફી કે અન્ય ખર્ચ તાલીમાર્થી પાસેથી વસુલ કરી શકશે નહિ.

ઉપર ક્રમ–૧ મુજબ સરકારશ્રી શિક્ષણ વિભાગના તા.૩/૮/૯૯ના ઠરાવમાં કરેલ જોગવાઈ મુજબની કોલેજ ફી કરતા વધુ ફી લેવામાં આવશે તો તેવી સંસ્થાઓની નિભાવ અને પગાર સહિતની ગ્રાંટ અટકાવવામાં આવશે. અને પગાર ભથ્થા ચુકવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે. આ પત્રની જાણ તાલીમાર્થીઓને નોટીસ બોર્ડ દ્વારા કરવાની રહેશે.

(આર.સી. રાવલ)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

વાના:
શિક્ષણાધિકારીશ્રી, તમામ
મલીકરણ માટે.